### હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. ખાતે સુવર્ણ ચંદ્રક એનાયત સમારોહ સંપન્ન

# રાજ્યપાલ-મુખ્યમંત્રીના હસ્તે ૪૯ વિદ્યાર્થીઓને ૬૫ સુવર્ણ ચંદ્રક

રાજ્યપાલ ઓ.પી. કોહલીએ જણાવ્યું છે કે વિદ્યાર્થીઓએ જ્ઞાન સર્જનનું પ્રયોજન કેવળ જ્ઞાન માટે નહી કરતાં સમાજ અને રાષ્ટ્રના નિર્માણ માટે કરવું જોઈએ. શિક્ષાનો ઉપયોગ આપણા માટે નહી કરતાં સમાજ અને રાષ્ટ્રના નિર્માણ માટે કરવો જોઈએ.

રાજ્યપાલ ઓ.પી. કોહલી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વ વિદ્યાલય ખાતે સુવર્ણ ચંદ્રક સમારોહમાં ૪૯ વિદ્યાર્થીઓને ૬૫ સુવર્ણ ચંદ્રક એનાયત કર્યા હતા. યુવા છાત્રો-વિદ્યાર્થીઓને મેડલ્સ પ્રદાન કરતાં રાજ્યપાલ તેમજ મુખ્યમંત્રીએ યુવા વિદ્યાર્થીઓને જ્ઞાનની પદવી શિક્ષા સાથે સમાજદાયિત્વની દિક્ષાથી જ જીવન કારકીર્દી સાર્થક કરવાનું પ્રેરક આહવાન કર્યુ હતું.

આ પ્રસંગે રાજ્યપાલે વધુમાં જણાવ્યું હતું કે હેમચંદ્રાચાર્યનું વ્યાકરણ ક્ષેત્રે આપેલું યોગદાન મહત્વનું છે. કલા અને જ્ઞાનની નગરી પાટણે શિક્ષણ ક્ષેત્રે નામના પ્રાપ્ત કરી છે. પાટણની પ્રભુતાનો સુવર્ણ યુગ ઈતિહાસ સાથે જોડાયેલો છે. રાજ્યપાલે જણાવ્યું કે વિશ્વ વિદ્યાલયોની ભુમિકા જ્ઞાનસર્જનની છે ત્યારે વિશ્વવિદ્યાલયો આપણી પરંપરાઓ અને આધુનિકતાઓનું સમન્વય




કરી આજના શિક્ષણને સાર્થક બનાવે તે સમયની માંગ છે.

રાજ્યપાલ ઓ.પી. કોહલીએ જણાવ્યું કે નાલંદા અને તક્ષશીલા વિદ્યાપીઠો આપણું ગૌરવ છે ત્યારે આ ગૌરવ જાળવી રાખવા વિશ્વવિદ્યાલયો દુનિયામાં શ્રેષ્ઠત્તા પ્રાપ્ત કરે તે દિશામાં આપણે સૌએ સહિયાર પ્રયત્નો કરવા જોઈએ. તેમણે વિદ્યાર્થીઓને આગામી સમયમાં અનેક નવા પડકારોનો સામનો કરવાનો છે ત્યારે એકવીસમી સદીને અનુરૂપ સંશોધનોની હિમાયત પણ કરી હતી. આપણા દેશ પાસે સમૃધ્ધ જ્ઞાનની પરંપરા છે. ત્યારે હવે દેશ વિકાસશીલ નહીં પરંતુ વિકસીત બને તે દિશામાં આપણે સૌ જ્ઞાનનું યોગદાન આપીએ.

વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે સુવર્ણ ચંદ્રક એ જ્ઞાનું સન્માન છે. ૨૧મી સદી જ્ઞાન-વિજ્ઞાનની સદી છે ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ''નયા ભારતના નિર્માણ'' માટેની પરિકલ્પના પૂર્ણ કરવા આપણે સૌ ભારતને જ્ઞાન વિજ્ઞાનની સદી બનાવવા સંકલ્પબદ્ધ બનીએ.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે હેમચંદ્રાચાર્ય ગુજરાતી ભાષા અને વ્યાકરણ રચયિતા અને વિદ્વાન હતા અને તે સમયે આચાર્યની જ્ઞાનની આ પરંપરાને સિધ્ધ હેમશબ્દાનુશાસન વ્યાકરણને હાથીની અંબાડી ઉપર સ્થાન આપી સન્માનીત કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યુ કે આદિઅનાદિ કાળથી ગુજરાતે લક્ષ્મી કરતાં સરસ્વતીને વધારે મહત્વ આપ્યું છે તેથી જ તક્ષશીલા તથા વલભી વિદ્યાપીઠો ગુજરાતમાં હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે સરસ્વતીની સાધના એટલે શિક્ષણ અને જ્ઞાનનું સન્માન તેમણે દેશમાં યુવાનોને તેમની સ્કીલ પ્રમાણે તકો ઉપલબ્ધ થાય તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જે પરિકલ્પના સેવી છે તે આજે ન્યુ ઈન્ડિયા થકી સાકાર થઈ રહી છે. તેની ભૂમિકા આપી હતી.

બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે શિક્ષણ ક્ષેત્રે છેલ્લા ૨૦ વર્ષમાં અવિરત પ્રગતિ થઈ છે. સરકાર ઉત્તર ગુજરાતના જિલ્લામાં મેડીકલ કોલેજનું શિક્ષણ પ્રાપ્ત થાય તે દિશામાં પ્રયત્નશીલ રહી છે.

કુલપતિ અનિલ નાયકે વિશ્વ વિદ્યાલયની માહિતી આપતાં જણાવ્યુ હતું કે યુનિ પાંચ જિલ્લાની ૩૮૬ કોલેજો સાથે જોડાયેલી છે. યુનિમાં ૧,૪૬,૮૫ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

## ડીસામાં સ્ટેશનરી ખરીદવા વિદ્યાર્થી અને વાલીઓનો ઘસારો



ડીસા

ડીસા સહિત જિલ્લામાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થયે એક સપ્તાહ થઈ ગયું છે તેમછતાં સ્ટેશનરીની દુકાનો ઉપર વિદ્યાર્થીઓ સાથે વાલીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. એક સમયે શૈક્ષણિક રીતે પછાત ગણાતા બનાસકાંઠા જિલ્લામાં હાલમાં શૈક્ષણિક સુધારો જોવા મળી રહ્યો છે વાલીઓ પોતાના સંતાનોને પેટે પાટા બાંધીને પણ ભણાવવા લાગ્યા છે જેના કારણે દીકરીઓ પણ ઉચ્ચ શિક્ષણ મેળવવા લાગી છે નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય એ પહેલાં વાલીઓ પોતાના સંતાનોને સારામાં સારી શાળા અને મહાશાળાઓમાં પ્રવેશ માટે દોડધામ કરતા હતા ત્યારબાદ નવું શૈક્ષણિક સત્ર શરૂ થતાં સંતાનો માટે શૈક્ષણિક સામગ્રી ખરીદવા વાલીઓએ ઘસારો કરી દીધો છે દર વર્ષની જેમ આ વર્ષે પણ પુસ્તકો, નોટબુક-ચોપડા અને ગાઈડો સહિત શૈક્ષણિક સામગ્રીમાં ભારે ભાવ વધારો ઝીંકાયો છે તેમછતાં સંતાનોના ઉજજવળ ભવિષ્યને નજરમાં રાખી વાલીઓ ગજા બહારનો ખર્ચ કરી સંતાનોને પૂરતી શૈક્ષણિક સામગ્રી અપાવી રહ્યા છે તેથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થયે એક સપ્તાહ વીતી જવા છતાં સ્ટેશનરીની દુકાનો ઉપર વાલીઓ સાથે વિદ્યાર્થીઓની ભીડ યથાવત જોવાં મળી રહી છે જેના કારણે સ્ટેશનરીના ધંધામાં ચોમેર મંદીના માહોલ વચ્ચે પણ તેજી છવાઈ છે.

## ખેડબ્રહ્મા તાલુકાના હિંગટીયામા ડમ્પર નીચે બાળક કચડાયું

ખેડબ્રહ્મા તાલુકાના હિંગટીયા ગામે ગુરુવાર સાંજના સમયે બેફામ સ્પીડે આવતા ડમપર નીચે ૬ વર્ષનું બાળક આવી જતા મોત નીપજયું હતું.

ખેરોજ પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર હિંગટીયા ગામમાં લગ્નનો વરઘોડો હોઈ કપુરભાઈ નવાભાઈ પરઘીનો દીકરો રાજુ ઉ.વ.૬ વરઘોડામા ગયો હતો સાજન સમયે ડમપર ન. જી.જે.૯.એયું.૧૯૪૨ ના ચાલકે પોતાની ગાડી પુર ઝડપે અને ગાફલેટભરી રીતે હંકારતા રાજુને કચડી નાખતા ઘટના સ્થલે મોટ નીપજયું હતું. જેને લઈ હિંગટીયામાં આક્રોશ ફેલાયો હતો અમે અંબાજી હાઈવે બંધ કરી દીધો હતો. જેને લાઈ ખેડબ્રહ્મા, ખેરોજ અને પોશીના પોલીસ ધ્વારા પ્રયત્ન કરતા મોડી રાત રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો.

ગામ લોકોનો આક્ષેપ છે કે હાઈવે પાર બેફામ દોડતા ડમપર પાર પોલીસ કે તંત્ર ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

## ભિલોડા મામલતદાર કચેરીમાં આવક, જાતિના દાખલા મેળવવા અરજદારોને ધરમ ધક્કા

ભિલોડા,તા.૧૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે મામલતદાર કચેરીમાં અરજદારોને પીવાના પાણી માટે વલખાં મારતા હોય છે. વિદ્યાર્થીઓ અને આવક, જાતિના દાખલા મેળવવા માટે ખુબ જ સમય પસાર કરવો પડતો હોય છે. અરજદારો જ્યારે



કચેરીનો કથળેલો વહીવટ હોવાના કારણે અરજદારોને ધરમધક્કા ખાવો વારો આવ્યો છે. મામલતદાર કચેરીમાં અરજદારોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવતાં હેરાન પરેશાન થઈ રહ્યા છે. મામલતદાર કચેરી કંપાઉન્ડમાં ઠેર-ઠેર ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. એક તરફ અસહ્ય કાળઝાળ ગરમીએ કાળો કેર વર્તાવ્યો છે ત્યારે અરજદારો મામલતદાર કચેરીમાં જન સેવા કેન્દ્રમાં આવક,જાતિના દાખલા મેળવવા માટે રીતસર ધરમધક્કા ખાઈ રહ્યા છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે જવાબદાર અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે તેમ જાગૃત અરજદારોએ જણાવ્યું હતું.અરજદારો અને વિદ્યાર્થીઓને કાળઝાળ ગરમીમાં પારાવાર મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. ધરમધક્કા ખાય ત્યારે આવક, જાતિના દાખલા ખુબ જ મુશ્કેલી સહન કર્યા બાદ નીકળતા હોય તેવી બુમરાણ ચાલી રહી છે. મામલતદાર કચેરીમાં આવક, જાતિના દાખલા મેળવવા માટે અરજદારો ના ટોળેટોળા સવારથી જ આવતા હોય છે પણ અપુરતો સ્ટાફ હોવાના કારણે અરજદારો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

## અરવલ્લી જિલ્લાની આર્થિક ગણતરી માટે તાલીમ સેમિનાર યોજાયો

મોડાસા, તા. ૧૪

ભારત સરકાર દ્વારા દેશની આગામી ૭મી આર્થિક વસ્તી ગણતરી માટે કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેના માટે સૌ પ્રથમ વખત મોબાઈલ એપ્લિકેશન દ્વારા સંપૂર્ણ માહિતી ભરવામાં આવનાર છે. આ તાલીમ મોડાસા તાલુકા પંચાયત સભાખંડ ખાતે રાખવામાં આવેલી જેના માટે કેન્દ્ર સરકારની મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિકસ એન્ડ પ્લાનિંગ ઈમ્પ્લિમેન્ટેશન તથા મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક એન્ડ ઈન્ફોરમેશન ટેક્નલોજીના કોમન સર્વિસ સેન્ટર દ્વારા હાથ ધરાશે. જેના માટે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લા લેવલ કમિટીની રચના પણ કરી દેવામાં આવી છે. આ સમગ્ર સેમિનાર મોટી સખ્યામાં હાજર રહેલા સીએસસી ઓપરેટર, ફન્ઈ મિત્રોને આર્થિક ગણતરીને લગતી ઝીણવટભરી માહિતી અને તેની ડીજીટલ પદ્ધતિની તાલીમ સીએસસીના જિલ્લા મેનેજરે આપી હતી. આ સેમિનારમાં વિશેષ ઉપસ્થિત રહીને જરૂરી માર્ગદર્શન અરવલ્લી જિલ્લા આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભી, સંશોધન અધિકારી નરેશભાઈ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### અરવલ્લી જિલ્લા પોલીસતંત્રના ઇતિહાસમાં

## સૌ પ્રથમવાર એક સાથે ૧૮૦ પોલીસ કર્મચારીઓની સામુહિક બદલી

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ચાર્જ સંભાળતાની સાથે જીલ્લાના વિવિધ શહેરી અને ગ્રામ્યવિસ્તારના પોલિસ અધિકારીઓ અને કર્મચારીઓ બદલીનો ગંજીપો છિપાવાનું ચાલુ કર્યું છે. પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પણ સતત પોલીસવડા દ્વારા થઈ રહેલી બદલીઓનુ ગણિત સમજવામાં થાપ ખાઈ રહ્યા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. ત્યારે સાગમટે ૧૮૦ પોલીસ કર્મચારીઓની બદલીના ઓર્ડર કરી જીલ્લા પોલીસતંત્રમાં ભારે ઉલટફેર કરવામાં આવતા વારંવાર કરાતી બદલીઓ સામે અનેક પ્રશ્નાર્થ પેદા થયા છે. અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતા અને પોલીસ કર્મચારીઓની નિષ્ફળ કામગીરી સામે કડક પગલાં ભરાતા સાગમેટે કર્મચારીઓની બદલીના આદેશ થતા પોલીસ કર્મચારીઓમાં ભારે દોડધામ મચી હતી અને ફરજ પરના સ્થળ પરથી તાત્કાલિક છુટા કરવાના, બદલીના સ્થળે તાત્કાલિક હાજર થવાના આદેશ પગલે પોલીસ કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શૈક્ષણિક સત્ર શરુ થયાના બે દિવસની અંદર બદલીના આદેશ થતા તેમના બાળકોની અભ્યાસ પર અસર પડવાની સંભાવના પેદા થતા અને શાળાઓ બદલવાની નોબત પેદા થતા પોલીસ કર્મચારીઓ સહીત પરિવારજનો અને બાળકોમાં પણ ચિંતા જોવા મળી હતી.

## ખેડબ્રહ્મા તાલુકાના તેમજ પોશીના તાલુકામાં ડુપ્લીકેટ ઘી નો મોટો કારોબાર

ખેડબ્રહ્મા, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પોશીના તેમજ ખેડબ્રહ્મા તાલુકામાં વનવાસી સમાજની સંખ્યા વધુ છે. હાલમાં લગ્નની સીઝન ચરમસીમાએ હોઈ કરિયાણા સહિતની ખરીદી તેજીમાં છે. આવી સ્થિતિમાં પંથકમાં અસલી ઘી સામે ડુપ્લીકેટની બોલબાલા વધી ગઈ છે. પાલિકા, આરોગ્ય, ફુડ એન્ડ ડ્રગ્સ, પોલીસ સહિતની ફોજ સામે ડુપ્લીકેટ ઘીનું વેચાણ ધમધમી રહયુ છે.

ખેડબ્રહ્મા-પોશીના તાલુકામાં જેઠ મહિનો બેસતા જ આદિવાસી સમાજમાં મોટાપાયે લગ્નો લેવાતા હોય છે. લગ્ન, હોળી-દિવાળી તેમજ રક્ષાબંધનના તહેવારો ટાંણે કમાઈ ઘી સહિતના કરીયાણાની વસ્તુ લેવા દોડધામ રહે છે. જેની સામે કમાણી કરવાની લ્હાયમાં પંથકના અંતરિયાળ વિસ્તારની ગરીબ આદિવાસી પ્રજામાં બનાવટી ઘી અને તેલ પધરાવી દેવાય છે.

ખેરોજ, અંબાજી, કોટડા, લાંબડીયા સહિતા વિસ્તારોમાં આવેલી કરિયાણાની દુકાનોમાં ડુપ્લીકેટ ઘીનો કાળો કાળોબાર ચાલી રહયો છે. જેનાથી હાનિકારક ખાદ્ય સામગ્રી વેચી વિસ્તારની પ્રજાના આરોગ્ય સામે ગંભીર પ્રકારના ચેડાં થઈ રહયા છે. ખેડબ્રહ્મા ખાતે આવેલી ત્રણ થી ચાર પેઢીમાંથી વિવિધ માર્કા હેઠળ પંથકમાં પહોંચાડવામાં આવે છે. આદિવાસી પ્રજાના નાણાં અને આરોગ્ય સાથે કરવામાં આવતા ગંભીર પ્રકારના ચેડાં સાથે જાણે તંત્રને કોઈ જ લેવા-દેવા ના હોય તેવું કાળા કારોબારને પગલે પ્રતીત થઈ રહયુ છે.

સ્થાનિક નાગરિકોએ સમગ્ર મામલે વેપારીઓ સાથે ચર્ચા કરી તો જણાવ્યુ કે, મે નકલી ઘીના ડબ્બા પર અંગ્રેજીમાં ખોરાકી ચરબી લખીને જ આપીએ છીએ, ક્યાંય ઘી લખેલું જ નથી તો અમે ગ્રાહક સાથે છેતરામણી થતી હોવાનો સવાલ નથી ખેડબ્રહ્મા માર્કેટિંગ યાર્ડ પાસે વેચાણનું મોટું હબ છે તેની સંબંધિત અધિકારીઓને ખબર હોય તો આંખ આડા કાન કરવા સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

## પ્રાંતિજમાં મૃતકના પરિવારને તાત્કાલિક સહાય ચુકવવા પૂર્વ ધારાસભ્યએ સરકારને અપીલ કરી

પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લામાં પણ ચક્વાતને લઈને તેજ પવન ફુંકાયો હતો. જિલ્લામા મોસમનો પહેલો



વરસાદ તોફાની થયો હતો તો તેજ પવન ફુંકાતા પતરા સાથે યુવક પવનમાં ઉડયો હતો. યુવકને પતરૂ ધુસી જતા મોત નિપજ્યું હતું. તાલુકામાં ત્રણ પશુઓના પણ વિજળી પડવાથી તથા વૃક્ષ પડવાથી મોત નિપજ્યા હતા.

પ્રાંતિજ ખાતે પણ ચક્વાત તેજ પવનને લઈને ભાખરીયા વિસ્તારમાં રહેતા કનુભાઈ રવજીભાઈ વાઘેલા નામના યુવકનું પોતાના ઘરના પતરા સરખાં કરવા ગયેલ યુવકનું પતરા સાથે ઉડીને રોડ સાઈડે પાણીની ટાંકી પાસે પડતા પેટમાં પતરુ ધુસી જતા પેટ ચીરાઈ ગયું હતું. યુવકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું અને તેના મકાન ઉપરથી છત ઉડી જતા વરસાદ પડતાં ઘરનો બધો માલસામાન પલળી ગયો હતો. આ અંગેની જાણ પ્રાંતિજ મામલતદાર આર.કે. પટ્ટણી, પ્રાંતિજ ટી.ડી.ઓ. જે.એચ. કાપડીયા, પ્રાંતિજ પીઆઈ બ્રહ્મભટ્ટ સહિત તાત્કાલિક ઘટનાસ્થળે ચાલુ વરસાદમાં દોડી આવ્યા હતા. પ્રાંતિજના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ પણ સ્થળ મુલાકાત લઈને સિવિલ ખાતે આવીને પરીવારના સભ્યોને શાત્વના આપી સરકાર દ્વારા આ પિડીત પરિવારને તાત્કાલિક સહાય મળે તેવી રજુઆત પણ કરી હતી. પ્રાંતિજના સોનાસણમાં સુથાર વિનોદચંદ્ર નટવરલાલના ઘર આગળ વૃક્ષ નીચે બાંધેલ પશુનું પણ વૃક્ષ ધરાશાયી થવાથી પશુનુ મોત નિપજ્યું હતું.

પ્રાંતિજના કરોલ ખાતે પણ પટેલ જીતેન્દ્રભાઈ કાન્તીભાઈના ઘર આગળ બાંધેલ બે પશુઓ ઉપર વિજળી પડતા બન્ને પશુઓનાં મોત નિપજ્યા હતા. જિલ્લામાં વાવાઝોડાની વધુ અસર પ્રાંતિજ તથા તાલુકામાં જોવાં મળી હતી. ૨૦થી પણ વધારે વીજપોલ ધરાશાયી થયા હતા, મોસમનો પહેલો વરસાદ સાબરકાંઠા જીલ્લામાં વધુ વરસાદ પ્રાંતિજ ખાતે ૪૩ મીમી નોંધાયો હતો.

## પ્રાંતિજ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ઓટો રીક્ષામાં આગ લાગતા બળીને ખાખ



પ્રાંતિજ, તા ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે ૮ ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલ પાસે થી પસાર થઈ રહેલ રીક્ષા માં અચાનક આગ લાગતા ત્યાંથી પસાર થતા લોકોમાં નાસભાગ મચી જવા પામી હતી તો પ્રાંતિજ પાલિકામાં જાણ કરવામાં આવતા પ્રાંતિજ ફાયરની ટીમ ઘટનાસ્થળે દોડી આવી પાણીનો મારો ચાલુ કરી રિક્ષામાં લાગેલ આગ હોલવવામા આવી હતી.

ગાંધીનગરનો રિક્ષાચાલક GJ18 AU 3162 નો ચાલક ઠાકોર વિનોદજી કાંતિજી કે જેવો હિંમતનગર ખાતે મુસાફરોને ઉતારી પરત ગાંધીનગર તરફ જઈ રહ્યો હતો તે સમયે પ્રાંતિજ નેશનલ હાઈવે ૮ ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલ નજીક થી પ્રસાર થઈ રહ્યો હતો તે સમયે રીક્ષામાં અચાનક શોર્ટ સર્કિટને લઈને આગ લાગતા ચાલક દ્વારા રિક્ષા ઊભી રાખી રેત નાખી હતી. પણ જોતજોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા આગ ઓટો રીક્ષામાં પકડાઈ ગઈ હતી તો અવરજવર કરતા સ્થાનિક લોકો સમાચાર ઘટના સ્થળે દોડી આવ્યા હતાં તો આ અંગેની જાણ પ્રાંતિજ નગરપાલિકામાં કરાતા પ્રાંતિજ ફાયર ટીમના મુકેશભાઈ પરમાર, ગોપાલભાઈ પટેલ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી રીક્ષામા લાગેલ આગ ઉપર પાણીનો મારો ચાલુ કરી આગ હોલવી હતી જોતજોતામાં ઓટો રીક્ષા આગમાં બળીને ભથ્થું થઈ થઈ હતી. પ્રાંતિજ પોલીસ પણ સમાચાર મળતા તાત્કાલિક ધટના સ્થળે દોડી આવી ટ્રાફિક હળવો કર્યો. આગમાં રીક્ષા બળીને ભથ્થું થઈ ગઈ હતી. પરંતુ રીક્ષા ચાલકનો આબાદ બચાવ થયો હતો.

## ભિલોડા ચૌધરી સમાજનું ગૌરવ

ભિલોડા,તા.૧૪



અરવલ્લી જીલ્લાના ભિલોડાના ડૉકટર મુકેશભાઈ દયાલજીભાઈ પટેલનો પુત્ર ક્રિષ્ણએ ધોરણ.૧૨ વિજ્ઞાન પ્રવાહ (સી.બી.એસ.સી.) બોર્ડની પરીક્ષામાં ૮૮ % અને તાજેતરમાં લેવાયેલ નિટની પરીક્ષામાં ૫૫૩ ગુણ મેળવી ચૌધરી સમાજ અને ભિલોડા ગામનું ગૌરવ વધારતાં ચૌધરી સમાજમાં આનંદની લાગણી પ્રસરી હતી.નિવૃત્ત એલ.આઈ.સી. ફિલ્ડ ઓફીસર દયાલજીભાઈ પટેલનો પૌત્ર ક્રિષ્ણ પટેલએ વિરાટ સિધ્ધી હાંસલ કરતાં સામાજીક આગેવાનોએ વિદ્યાર્થીને બિરદાવ્યો હતો.

## ભિલોડાના ઉપલા કમઠાડીયાથી નીચલા કમઠાડીયા ગામને જોડતા રસ્તા વચ્ચે હાથમતી નદીમાં બ્રીજની તાતી જરૂરીયાત

ભિલોડા,તા.૧૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ઉપલા કમઠાડીયા થી નીચલા કમઠાડીયા ગામને જોડતા રસ્તા વચ્ચે હાથમતી નદીમાં પસાર થાય છે. ચોમાસા દરમ્યાન જ્યારે ઉપરવાસમાં ભારે વરસાદ આવે ત્યારે હાથમતી નદીમાં પાણીના ઘોડાપુર આવતા હોય છે. ઉપલા કમઠાડીયા થી નીચલા કમઠાડીયા ગામ સહિત આજુબાજુનો વિસ્તાર સંપર્ક વિહોણા થઈ જાય છે.રસ્તો અને મેજર બ્રીજ બનાવવાની વર્ષો જુની માંગણી અંકબંધ્ધ છે ત્યારે સત્વરે રસ્તો, મેજર બ્રીજ બનાવવામાં આવે તેવી લોકમાંગણી છે.

ઉપલા કમઠાડીયા થી નીચલા કમઠાડીયા ગામને જોડતા રસ્તા વચ્ચે ચોમાસા દરમ્યાન હાથમતી નદીમાં વરસાદી પાણી વહેતું હોય ત્યારે શાળાના વિદ્યાર્થીઓ,દુધ ભરાવતા પશુપાલકો, ગ્રામજનોને અવરજવર કરવામાં ભારે મુશ્કેલીમાં મુકાતા હોય છે.ચોમાસા દરમ્યાન રસ્તો બંધ થઈ જવાના કારણે અવરજવર કરવા માટે ભારે મુશ્કેલીઓ સહન કરવી પડતી હોય છે. નીચલા કમઠાડીયા તરફ જવું હોય તો ભિલોડા સુધી લાંબુ થવું પડે છે.

ઉપલા કમઠાડીયા પાસે હાથમતી નદી ઉપર મેજર બ્રીજ બનાવવા રસ્તો મંજુર કરવા સંદર્ભે અવારનવાર રજુઆતોનો દોર યથાવત રહેતાં નાયબ કાર્યપાલક ઈજનેર કચેરી, પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ મારફતે રાજ્ય સરકારમાં દરખાસ્ત તૈયાર કરીને મોકલાવેલ છે. ઉપલા કમઠાડીયા થી નીચલા કમઠાડીયા સુધીના રસ્તાની અંદાજીત રકમ રૂા.૫ કરોડ ૮૭ લાખની જરૂરીયાત છે.

ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા,વાંસળી ગ્રુપ ગ્રામ પંચાયત સરપંચ ઈન્દુબેન ભાવિનભાઈ તબીયાર સહિત ગ્રામજનો ધ્વારા રજુઆત કરાઈ છે. સંકલન, સ્થાનિક કક્ષાએ રજુઆત કરાઈ છે ત્યારે રસ્તો અને મેજર બ્રીજ બનાવવાની જરૂરીયાત હોઈ સત્વરે મંજુરી મળે તેમ જાગૃત ગ્રામજનો ધ્વારા જણાવ્યું હતું. રસ્તો અને મેજર બ્રીજ બનાવવામાં આવે તો આ વિસ્તારના પ્રજાજનોને લાભ મળી શકે તેમ છે.



સમગ્ર વિશ્વમાં આગામી ૨૧મી જૂને યોગ દિવસની ઉજવણી કરાશે તેના ભાગરૂપે અરવલ્લી જિલ્લામાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અને પતંજલિ યોગ સમિતિ દ્વારા યોગ અંગેનું નિદર્શન અને તાલીમનું આયોજન મોડાસા ખાતે સાઈ મંદિર હોલ અને ઓધારી મંદિર ખાતે વહેલી સવારે કાર્યરત છે. આ તાલિમ વર્ગ નિશુલ્ક છે, જેમાં યોગ નિપુણ તજજ્ઞો જેવા કે રોહિતભાઈ પ્રજાપતિ, ડો. હરિભાઈ પટેલ, વસંતભાઈ શાહ દ્વારા તાલીમ અપાઈ રહી છે. આ તાલીમ વર્ગમાં અરવલી કલેકટર નાગરાજન દ્વારા અરવલ્લી જિલ્લાના નાગરિકોને જોડાવા હાર્દિક આમંત્રણ છે. આગામી ૨૬ જૂને જુદી જુદી સંસ્થાઓમાં આ તજજ્ઞો દ્વારા તેમની રાહબરી હેઠળ યોગ દિવસ મનાવાશે. જેમા મોટી સંખયામા જોડાઈ સફળ બનાવવા અપીલ છે.